# પુષ્ટિમાર્ગમાં સખ્યભક્તિ

- અસ્મિત શાહ.

"સો નીંદ આવતહી પરમાનંદસ્વામીકોં સ્વપ્ન આયો. સો સ્વપ્નમેં દેખે તો શ્રીઆચાર્યજીકે સેવક ક્ષત્રી જાગરનમેં બૈઠે હૈં ઔર ઇનકી ગોદમેં શ્રીનવનીતપ્રિયજી બૈઠે દેખે. ઔર શ્રીનવનીતપ્રિયજી સ્વપ્નમેં મુસિક્યાયકે પરમાનંદસ્વામીકોં આજ્ઞા કિયે જો આજ મૈંને તેરે કીર્તન સુને હૈં... સો ઇતને દિનનમેં આજુ તેરે કીર્તનનકો સુન્યો. ભાવપ્રકાશ – સો યહ કહે તહાં યહ સન્દેહ હોય જો શ્રીઠાકુરજી તો સદા સુનત હૈં ઔર સબ ઠૌર વ્યાપક હૈં; સો કહે જો 'આજ મૈં સુન્યો' તાકો કારન કહા? તહાં કહત હૈં જો ઇતને દિનસોં અંગીકારમેં ઢીલ હતી સો અંતર્યામી સાક્ષિરૂપસોં સુને. તાસોં અબ અંગીકાર કરનો હે ઔર કૃપા કરની હે. સો વેગિ કૃપા કરનકો લક્ષન બતાયે. તાસોં કહે જો આજુ હોં તેરે કીર્તન સુન્યો હોં. સો આજ મૈં તોપર પૂરન કૃપા કરી તાસોં અબ વેગિ મોકોં પાવોગે."

આમ તો "દ્વાસુપર્ણા સયુજા સખાયા"શ્રુતિમાં નિરૂપિત છે તેમ બ્રહ્મા-મહાદેવથી લઈ વૃક્ષયોનિપર્યન્ત દરેક દેહમાં ચેતનાંશ જીવાત્મા અને અન્તર્યામિ પરમાત્મા માળો બાંધી રહેતા પક્ષીની બેલડી જેવા સખા બનીને વસે છે. પણ આવા સખ્યનો આનંદ કે અનુભવ પણ જીવાત્માને થતો નથી; દેવાદિથી લઈ મનુષ્યયોનિના આસ્તિકોને બાદ કરતાં મોટે ભાગે કોઈ પરમાત્માના અસ્તિત્વનું ય સમર્થન કરતા નથી. ને તેમાં સર્વથા જીવાત્માનો જ વાંક છે એવું ય કોઈ તટસ્થ વ્યક્તિ ન કહી શકે; કારણકે પરમાત્મા અરસિક સાક્ષી બની રહેવા સિવાય કાંઈ કરે છે જ ક્યાં તે અનુભવાય! વળી પરમાત્મા આનંદાંશ હોઈ પોતાના અસ્તિત્વનો આનંદ અવશ્ય અનુભવે છે પરન્તુ જીવના સારા-નઠારા કૃત્યોના સાક્ષી બનવામાં આનન્દ અનુભવે તેવા ખરાબ ચસકાવાળા તે ય નથી; "સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ". સરવાળે બોલચાલની ભાષામાં કજીયું ન હોવા છતાંય બંનેને આ સહજીવનમાં બહુ મજા નથી આવતી. આ તો બન્ને એકબીજાની બાબતમાં બહુ માથું ન મારે એટલે નભતું રહે. આવું સાથે જીવ્યા તો ય શું ને ન તો ય શું!


કારણ શું? તો કે સખા તો છે પણ સખ્યભાવ નથી.



"મૃગાઃ મૃગૈઃ સંગમનુવ્રજન્તિ ગાવોશ્ચ ગોભિઃ તુરગાઃ તુરંગૈઃ મૂર્ખાશ્ચ મૂર્ખૈઃ સુધિયો સુધિભિઃ સમાનશીલવ્યસનેષુ સખ્યમ્" એવું સુભાષિત છે. સરખેસરખો સ્વભાવ અને વ્યસન હોવા જોઈએ બસ; પછી મૂરખાને મૂરખા સાથે ય જામી જાય અને પંડિતને પંડિત સાથે.

આત્મા-પરમાત્માનું સખ્ય અને ભક્ત-ભજનીયની સખ્યભક્તિના સંબંધમાં બસ આ સમાનશીલવ્યસનાત્મકતાનો જ ફરક છે. ભક્ત અને ભજનીય બન્ને નિરંતર આ સખ્યના આનંદને અનુભવી રહે છે; ચાખી ચાખીને બોર ધરતી શબરીને શ્રીરામચન્દ્રજી નિહાળી રહે છે અને શબરીના સ્નેહ સાથે સાથે બોરની મીઠાશને ય માણતા શ્રીરામચન્દ્રજીની રસિક સાક્ષી શબરી બની રહે છે! નરો કટોરીમાં દૂધ કાઢી આપતી રહે છે અને શ્રીનાથજીને આરોગી આરોગીને પાછું માંગતા નિહાળી રહે છે! ભજનીય કર્તા-ભોગ્ય/ભોક્તા અને ભક્ત રસિક સાક્ષી, તો ક્યારેક ભક્ત કર્તા-ભોગ્ય/ભોક્તા અને ભજનીય રસિક સાક્ષી; "મદ્ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ". આવું સખ્ય પરન્તુ સર્વજનસુલભ નથી. નરસિંહ મહેતાના શબ્દોમાં "બ્રહ્માદિકને સ્વપ્ને ન આવે તે સુખ આહીરને દીધું રે". જેનું પ્રભુ ભક્ત તરીકે વરણ કરે છે તેને જ તે લહાવો મળે છે.

નવધાભક્તિના અન્ય અંગોની જેમ સખ્ય પણ વાત્સલ્ય, માધુર્ય આદિ ભાવપ્રધાન પ્રેમલક્ષણાભક્તિનું અંગ બની શકે છે, પણ તે સિવાય સખ્ય સ્વયં પણ એક અંગી પરિપૂર્ણ ભાવ છે, જે અષ્ટસખા વગેરેને સિધ્ધ થયેલ દેખાય છે. આને રેખાકૃતિથી સમજવું હોય તો—



તે પૈકી અંગી સખ્યભાવ સહેલાઈથી સમજી શકાય તેવો છે, જ્યારે કે અંગ સખ્યભાવ હજી સમજવો રહ્યો. દરેક સ્નેહસંબંધમાં એક સમાનશીલવ્યસનાત્મકતા આવવી મોડેવહેલે અપેક્ષિત હોય છે; બન્ને સ્નેહીઓની પાર્શ્વભૂમિ સર્વથા ભિન્ન કેમ ન હોય. ક્યાં નાગર રાજવંશી રાજા દુષ્યન્ત ને ક્યાં વનવાસી આશ્રમવાસી શકુન્તલા એવો ભેદ ત્યારે નથી દેખાતો. દાદાને ય પૌત્ર સાથે રમવામાં પોતાની ઉંમર ને ઠાઠ-દરજ્જો ભૂલવા પડે છે. રાણાપ્રતાપ ને ચેતક કે શ્રીરામચન્દ્રજી ને વાનરો વચ્ચે ય આવી કોઈક જાતની સમાનશીલવ્યસનાત્મકતા પનપે છે. ભક્ત-ભજનીય/ભગવાન વચ્ચે ય આ સુખદ ઘટના ઘટે છે. ‘‘પશ્યન્તિ તે મે રુચિરાવતન્સ... સાકં વાચં સ્પૃહણીયાં વદન્તિ’’ (ભાગ.૩।૨૫।૩૫)ના સુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે— ‘‘એતસ્મિન્નેવ લોકે ભગવતા સહ સ્પૃહણીયાં વાચં વદન્તિ; યથા મિત્રૈસ્સહ ઈષ્ટાલાપાઃ ક્રિયન્તે’’. ભગવાન પણ ગીતામાં કહે છે ‘‘યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્’’. આથી જ સુબોધિનીકારિકામાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે— ‘‘સ્વભાવસ્યાન્યથાભાવો ન વૈ શક્ય કથંચન અતસ્ત્રિવિધજીવેષુ ત્રિવિધા ભગવત્કૃતિઃ’’. કૃષ્ણાવતારમાં જ આપણે જોઈએ તો સુબલ-તોક, સુદામા, અર્જુન, ઉધ્ધવ એમ વિવિધ સ્વભાવવાળાને ભગવાને સખા બનાવ્યા છે.

આવી સમાનશીલવ્યસનાત્મકતાના અભાવમાં સ્નેહમાં એક ક્ષોભ ઉત્પન્ન થાય છે. શ્રીગોપીજનોને પ્રભુના મથુરાગમન પછી રાજસપ્રકરણવશાત્ પ્રભુમાં આવા સમાનશીલવ્યસનાત્મકતાના અભાવની પ્રતીતિ થઈ, જે ભ્રમરગીતમાં ભ્રમરને ટોણા મારતા વ્યક્ત થઈ છે; ‘‘તદલમ્ અસિતસખ્યૈઃ’’. પ્રભુએ ત્યાર બાદ ઉધ્ધવજીદ્વારા જ્ઞાન અને ભક્તિની ગડમથલથી મહામહેનતે તેઓને ગળે એ વાત ઉતારી કે હું એવો નથી.

આમ સમાનશીલવ્યસનાત્મક સખ્ય ભક્તિનું અવિભાજ્ય અંગ છે. તેના વૃધ્ધિ-ક્ષય સાથે ભક્તિના વૃધ્ધિ-ક્ષય ગાઢરીતે સંકળાયેલા છે. હવે આપણે જોઈએ કે આપણી સાધનાપ્રણાલીમાં તેને કેવી રીતે વણવામાં આવ્યું છે.

શરૂઆત જ શ્રીયમુનાજીથી કરીએ જે રૂપ-રંગ-વેશે જ નહીં પરંતુ અનેકવિધ ઐશ્વર્યો થકી ય ભગવત્સમાનશીલવ્યસન છે. જલવિહાર અને તટપર પુલિનમાં થઈ રહેલ ભગવલ્લીલાની સાથે સાથે વ્રજભક્તોની



વ્રતચર્યા કે ગોપીગીતગાનાદિ કૃતિના ય તેઓ સહાયક તેમ જ રસિક સાક્ષી બની રહે છે.

ભક્તિરત્નટીકામાં શ્રીગોપેશ્વરજી ગૃહસેવામાં નવધાભક્તિનું સંકલન સમજાવતાં આજ્ઞા કરે છે— ‘‘સમાનશીલવ્યસનાત્મકં સખ્યં, તદપિ ગૃહે સ્થિતસ્ય ભવતિ.’’ તેમના આ દાવાને ચકાસવા સર્વનિર્ણયનિબન્ધના ભક્તિપ્રકરણમાં જોઈએ તો— ‘‘યદ્ યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ યેન સ્યાત્ નિર્વૃતિશ્ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્’’ આજ્ઞા છે. આના પ્રકાશમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે— ‘‘ભગવત્સેવાયામપિ ક્લિષ્ટં ન સમર્પયેત્... લોકે યદ્ યદ્ ઈષ્ટતમમ્ આમ્રદ્રાક્ષાદિ આત્મનઃ અત્યન્તં પ્રિયં દુગ્ધાદિ સન્માર્ગોપાર્જિતં નાન્યેષાં ભાગરૂપં ચિરકાલમનોરથચિન્તિતમ્ અન્તઃકરણપ્રિયં; તેનૈવ ચિત્તનિર્વૃતિઃ. ઈતરનિષેધાર્થમેતદ્ ઉક્તમ્.’’ અર્થાત્ જેનું તમને વ્યસન છે તે સમર્પો અને જે પ્રાપ્ત કરવા કે ધરવામાં તમને ક્લેશ થતો હોય અર્થાત્ તમારા શીલને અનુરૂપ ન હોય તે ન ધરો. આવા સમર્પણથી સ્વાભાવિક છે કે સખ્યભાવ વધે. આગળ તેના દૃષ્ટાન્તો જોઈશું.

આપણી સેવાપ્રકારની પરંપરામાં પણ પ્રભુના કર્તૃત્વ-ભોક્તૃત્વ અને આપણા સાક્ષી હોવાનો ભાવ દૃઢ થાય તેવી જ શબ્દાવલિ પ્રયોજાય છે— ‘‘પ્રભુ આજે રુચિથી આરોગ્યા, આજે આપે સુંદર શૃંગાર ધારણ કર્યા, સુંદર દર્શન આપ્યા, આજે વહેલાસર જાગ્યા, મોડેથી પોઢ્યા’’, આદિ.

આ તો સુખના સાથની વાત થઈ, પણ તથાકથિત દુઃખના સાથમાં પણ આ જ ભાવ જાળવી રાખવાની આજ્ઞા છે— ‘‘લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલા’’ તમે રસિક સાક્ષી બની રહો તમારી જીવનલીલાના નાયક પુષ્ટિસ્થ પ્રભુના કરતૂતોના. વિવેકધૈર્યાશ્રયમાં નિરૂપિત વિવેક જાળવો; ન પ્રાર્થના કરો, ન અભિમાન કરો, ન હઠ કરો, ન દુરાગ્રહ. નવરત્નમાં નિરૂપ્યું છે તેમ ચિન્તા-ઉદ્વેગ પણ ન કરો.

‘‘તબ શ્રીઆચાર્યજી સંતદાસકોં કહેં... કછુ દિનમેં તેરો સગરો દ્રવ્ય નાસ હોઇગો... સો તૂ વિવેક ધૈર્યાશ્રય રાખિ ધીરજ ધારિયો. તૂ દૈવી હૈ તો તોસોં ધર્મ નિબહેગો... સો સંતદાસ બહુત સંપન્ન હુતે. લક્ષ રુપૈયાકો વ્યોપાર હતો, સો વ્યાપારમેં દ્રવ્ય સબ ખોયે, કછુ ચોરનનેં લિયો, કછુ રાજા દંડ લિયો. પાછે નિષ્કિંચન ભયે પરંતુ મનમેં આનંદ ભયો જો શ્રીઆચાર્યજી કહે સો ભયો. પાછે

ચોબીસ ટકાકી પૂંજી રહી, તાકોં લે કૌડી સેઉકે બજારમેં બેચન લાગે. સો કૌડિનકી ઢેરી પૈસા પૈસાકી ન્યારી ન્યારી કરિકેં ધરતે. આપ કાહૂતેં બોલતે નાહીં. લોગ પૈસા ધરિકેં કોડીકી ઢેરી લે જાતે. સો અઢાઈ પૈસા નિત્ય કમાતે. આપ બૈઠે પોથી દેખતે.''

હવે ભક્તોના ચરિત્રોમાં આવા સખ્યભાવની ઝલક નિહાળીએ. પદ્મનાભદાસના સખ્યમાં શ્રીમથુરાધીશજી છોલાના રસિયા થઈ ગયા તો શ્રીદ્વારકાધીશજીએ પોતાની સાથે કાંકરોલીના ઘરના ગાદીપતિ આચાર્યને ય ભવાઈના રસિયા બનાવ્યા. જ્યારે શ્રીગોકુલચન્દ્રમાજી તો નારાયણદાસના સખ્યમાં બ્રહ્મચર્ય પાળવા લાગી ગયા છે! રાજગુરુ જયદેવને પ્રભુએ રાજાના જ ઉદ્યાનમાં તો કુંભનદાસને ગોપગૃહમાં સાથે ચોરી કરવા જોતર્યા. શ્રીગુસાંઈજીદ્વારા બળજબરી કરી ચતુર્ભુજદાસને બીજા લગ્ન કરાવડાવી શ્રીનાથજી તેમને ચીડવતા. ગોવિન્દસ્વામીને કાંકરી મારી ભાગી આવતા. બંધ આંખે અનોસરમાં પંખો કરતા ગોપાલદાસ જટાધારીના મોઢામાં લાડુ મૂકી દેતા. ગજ્જનધાવનને શ્રીનવનીતપ્રિયજી હાથી-ઘોડો કરી તેના પર સવાર થઈ ફરતા તેમાં ગજ્જનના ઘૂંટણ ઘસાઈ ગયા. તેઓ બાજુમાં હોય તો જ આપ આરોગતા. ભગવદ્વાર્તા કરતાં કરતાં નાના ભાઈ વિશ્વમ્ભરદાસને ઝોકું આવતું તો તેના બદલે શ્રીઠાકોરજી આનંદદાસની વાતમાં હોંકારો ભરતા. અમ્મા ક્ષત્રાણીના પુત્રો ભેગા શ્રીઠાકોરજી પણ તેમને અમ્મા કહેતા અને તેમની સાથે રમતા. સૂરદાસના સખ્યમાં પ્રભુએ પણ સૂરશ્યામની છાપથી તે જ સ્તરના ૨૫,૦૦૦ કીર્તનો રચ્યા. સમરાઈને શ્રીદામોદરજી ટેરો લગાવ્યા વિના આરોગતા દર્શન આપતા ને હાંસીખેલની વાર્તા કરતા. પદ્મા રાવલે ઘી ચોપડેલી ને ન ચોપડેલી રોટી ધરેલી તેને શ્રીઠાકોરજીએ આરોગીને ઉપર-નીચે કરી નાખી. શ્રીગુસાંઈજીને પ્રભુસુખ ન સચવાતા સંન્યાસ લેવાની ઈચ્છા થઈ તો શ્રીનવનીતપ્રિયજીએ પણ ભગવો તનિયો ધારણ કરવાનું ઠરાવ્યું! આવા તો સાનુભાવ જતાવતા અપાર ચરિત્રો છે.

પણ આમાં થોડી સાવધાની પણ અપેક્ષિત છે. શરૂઆતના તબક્કે અંગી સખ્યભાવ પ્રવૃધ્ધ કરવામાં થોડું જોખમ રહેલ છે. તેથી શ્રીઆચાર્યચરણ સમર્પણ સખ્યભાવપૂર્વકનું ન ઉપદેશતા સેવકભાવપૂર્વકનું ઉપદેશે છે— ''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ તથા કાર્યં સમર્પ્યૈવ...''.

''તા સમય પરમાનંદદાસ યહ પદ ગાવત હતે... કૌન યહ



ખેલવેકી બાનિ... સો યહ સુનિકે શ્રીઆચાર્યજી પરમાનંદદાસકોં બરજે જો ઐસે ન કહિયે. યાસોં ઐસે કહો જો ભલી યહ ખેલવેકી બાનિ. ભાવપ્રકાશ— સો કાહેતેં? જો અબ હી પરમાનંદદાસકોં દાસ પદવી દિયે હૈં; સો દાસભાવસોં રહે ઔર બોલે તો પ્રભુ આગે કૃપા કરેં. જબ સખ્યભાવ દૃઢ હોય તબ બરાબરીસોં વાર્તા હોય. તાસોં બિના અધિકાર અધિક ભાવ નાહીં હૈ. જો કરે તો નીચે ગિરે. સો જબ શ્રીઠાકુરજી સરલભાવકો દાન કરે તબ હી બને... કહિવે-બરજિવે લાયક તો વ્રજભક્ત હૈં સો તાસોં ચાહે તેસેં બોલેં. તાસોં તુમ ઐસે કહો જો ભલી યહ ખેલવેકી બાનિ.''

''બહુરિ એક દિન દામોદરદાસ શ્રીઠાકુરજીકોં રાજભોગ સમર્પિ સૈયા સંવારન ગયે. તબ દેખે તો દુલીચા ઉપર બિલાઈને બિગાડ્યો હૈ. તબ દામોદરદાસને કહ્યો જો શ્રીઠાકુરજી તો અપની સૈયા હૂ રાખિ સકત નાહીં. ઐસે કહ્યો તબ શ્રીઠાકુરજીને થાર ચોકી ઉપરસૂં લાત મારિ ડારિ દીનોં. ઔર દામોદરદાસસોં શ્રીઠાકુરજીને કહ્યો જો સેવક તૂ કે સેવક મૈં? સેવક હોઈકેં ઐસે બોલત હૈ? ઐસે બહુત ખીજે. પાછેં દામોદરદાસનેં બિનતી કીની ઔર બહુત મનુહાર કરી... ભાવપ્રકાશ— ...શ્રીઆચાર્યજીનેં અબ હી દાસભાવકો અધિકાર દિયો હે ઔર યહ હાંસી તો સખ્યભાવકો અધિકાર ભયો હોઈ તબ હી બને... તાતેં અધિકાર બિના વિશેષ વિચાર કિયે વૈષ્ણવકોં ઈતનો અંતરાય જતાયે.

ખેર આ તો ભૂલ પણ ભક્તોની ભૂલ હોઈ સુખાન્ત કથા રહી. પણ આધુનિક સાર્વજનિક જાહેર મંદિર પ્રણાલીમાં તો સમર્પણનો જ છેદ ઉડી જાય છે તો પછી સખ્ય કે સેવકભાવનો તો સવાલ જ ક્યાં રહ્યો? શ્રીઠાકોરજી મહારાજના, તન મુખિયાજીનું, ધન મનોરથીનું, પ્રસાદ વેચતો લેનારો વળી ચોથો —આમાં ક્યાંથી તો સમર્પણ થાય ને ક્યે દહાડે ખાતું સુધરે? શ્રીઠાકોરજીએ તો બસ મૂક સાક્ષી બનીને શૉ ચાલુ રાખવાનો છે, કર્તૃસ્વાતન્ત્ર્ય આપને નથી. તથાકથિત ભક્તિમાર્ગીઓ લડુપૂરીના પ્રસાદના જ કેવળ રસિયા રહી ગયા છે. પછી સખ્ય ક્યાંથી થાય? રુપિયાથી આગળ શ્રીઠાકોરજી માટે કોઈની કાંઈ આપવાની તૈયારી છે ખરી? ''વો મહોબ્બત કહાંસે હો ઈસ દૌરે-હવસમેં, દિલબાઝ બહોત હૈં પર જાંબાઝ કોઈ નહીં''. અહીં તો હવે અટકીશું?!